

ગરમીની સીધી અસર : ધોમધખતા તાપમાં ટ્રેક્ટર ચલાવવું ભારે મુશ્કેલ બને છે. ખેતરમાં ખેડતા કે હેરાફેરી કરતા ટ્રેક્ટરચાલકો ગરમીમાં રાહત મેળવવા બપોરના સમયે કામકાજ બંધ રાખી આરામ મેળવી લે છે. ચિલોડા વિસ્તારમાં ખેતર કે માર્ગો ઉપર આવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળે છે. છેલ્લા પંદર દિવસથી ગરમી ઘટવાનું નામ નથી લેતી અને તેની સીધી અસર જનજીવન પર વર્તાય છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# આખરે મુખ્યમંત્રીની સૂચનાથી એક વિધવાને ન્યાય મળ્યો

## ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળની રકમ ચૂકવી આપવા વીમા કંપનીના અધિકારીઓ ખો આપતા હતા : વિધવાએ સ્વાગત ઓન લાઇનમાં ફરિયાદ કરતા ન્યાય મળ્યો

ગાંધીનગર, તા. ૧

રાજ્યના ખેડૂતને આખરે મુખ્યમંત્રી સ્વાગત ઓન લાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ફરિયાદ કરતા નિવારણ આવ્યું છે. ખાનગી વીમા કંપની દ્વારા વીમાની રકમ ચૂકવવા માટે ખો આપવામાં આવતી હતી ત્યારે ફરીયાદીએ મુખ્યમંત્રીને રજૂઆત કરતા નિરાકરણ આવ્યું છે.

ખાનગી વીમા કંપનીઓ વીમો લેવા માટે અનેક પ્રકારના ઉઠા ભણાવતી હોય છે. વીમો ઉતારતી વખતે ગાય બની જાય છે અને રકમ ચૂકવવાની આવે ત્યારે પેટમાં દુ:ખાવો ઉપડતો હોય છે ત્યારે વર્ષ ૨૦૦૨માં મૃત્યુ પામેલા ખેડૂતની પત્નીને આખરે આજે ન્યાય મળ્યો છે.

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના કુબાધરોલ કંપા ખાતે રહેતા લખુભાઈ હરજીભાઈ પટેલ રામસેવક તરીકે અયોધ્યામાં હાજરી આપી પરત ફરી રહ્યા હતા ત્યારે ગોધરા ખાતે ટ્રેન સળગાવવામાં આવી હતી તે સમયે લખુભાઈનું અવસાન થવા પામ્યું હતું.

સ્વર્ગસ્થના પત્ની શાંતાબેને ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અકસ્માત વીમો મેળવવા રીલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ કંપનીમાં રજૂઆત કરી હતી. શાંતાબેને તમામ પ્રકારના જરૂરી દસ્તાવેજો રજૂ કરવા છતાં વીમા કંપની મગનું નામ મરી પાડવા માટે તૈયાર થતી ન હતી. જે તે સમયે તત્કાલીન કૃષિ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ યોજેયલ રીવ્યુ બેઠક રાખી હતી. જેમાં કંપનીના પ્રતિનિધિઓએ સહાય ચૂકવી આપવા ખાતરી પણ આપી હતી. છતાં આજદિન સુધી લાચાર વિધવાને સહાય ચૂકવવામાં આવતી ન હતી.

પોતાના પરસેવાના રૂપિયા મેળવવા અને કંપનીની ખોખલી નીતિને જગ જાહેર કરવા શાંતાબેન દ્વારા મુખ્યમંત્રીના સ્વાગત ઓન લાઈનમાં આનંદીબેન પટેલને ફરિયાદ કરી હતી અને મુખ્યમંત્રીએ સૂચના આપતા ૨૦ દિવસમાં ૧૩ વર્ષ જૂના કેસનું નિરાકરણ આવ્યું હતું. સ્વ. લખુભાઈની વિધવા પત્નીને રૂ. એક લાખનો સહાય ચેક ચૂકવી આપવામાં આવ્યો હતો.

## જાહેરનામાના ભંગ બદલ ગામઠી હોટલના માલિક વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીક ભાટ ટોલ ટેક્ષ પાસેની ગામઠી હોટલમાં સી.સી.ટી.વી. કેમેરા ન લગાવી કલેક્ટરના જાહેરનામાનો ભંગ બદલ ગાંધીનગર એલ.સી.બી. પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. જેની વધુ તપાસ અડાલજ પોલીસને સોંપવામાં આવી છે.

ગાંધીનગર સહિત જિલ્લાભરમાં આવેલ જાહેર સ્થળો, વાણિજ્ય વિસ્તારો, હોટલ ગેસ્ટ હાઉસ વગેરે સ્થળોએ ફરજીયાતપણે માલિકે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જિલ્લા કલેક્ટરે જાહેરનામુ અમલી બનાવ્યુ છે.

આ જાહેરનામાના કડક અમલ સંદર્ભે ગાંધીનગર જિલ્લા એલ.સી.બી.ના પી.આઈ. આર.એન. વાઘેલાએ એ.એસ.આઈ. અંબાલાલ અને તેમની ટીમને સૂચના આપતા ટીમે વિવિધ સ્થળોએ તપાસ હાથ ધરી હતી. દરમિયાન ભાટ ટોલટેક્ષ પાસે આવેલ ગામઠી હોટલમાં તપાસ હાથ ધરી હતી. જેમાં હોટલ માલિકે પોતાની હોટલમાં સી.સી.ટી.વી. કેમેરા ન લગાડી જાહેરનામાનો ભંગ કરવા બદલ કલમ ૧૮૮ મુજબ અડાલજ પોલીસ ખાતે ફરિયાદ નોંધાવી હતી જેની વધુ તપાસ અડાલજ પોલીસ ચલાવી રહી છે.

## દહેગામના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર એલ.સી.બી. પોલીસ આજે બાતમીના આધારે કલોલ ખાતેથી જમીનના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપી પાડ્યો હતો અને દહેગામ પોલીસને હવાલે કર્યો હતો.

ગાંધીનગર એલ.સી.બી. પોલીસના એ.એસ.આઈ. અશોકભાઈને બાતમી મળી હતી કે દહેગામ પોલીસ મથકનો જમીનના ગુનામાં નાસતો ફરતો આરોપી કલોલ ખાતે છે. આથી પી.એસ.આઈ. કે.એ. પટેલ, અશોકભાઈ, દિલીપસિંહ, મહિપાલસિંહ અને યુવરાજસિંહ સહિતની ટીમે બાતમી સ્થળે જઈ આરોપીને ઝડપી પાડ્યો હતો અને તેને દહેગામ પોલીસને હવાલે કર્યો હતો.

## ભારત વિકાસ પરિષદના હોદ્દેદારો વરાયા

ગાંધીનગર, તા. ૧

ભારત વિકાસ પરિષદ ગાંધીનગરની વાર્ષિક સાધારણ હોટલ ઘૂંઘટ ખાતે ગઈકાલ રવિવારે યોજાઈ હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે નાનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં વર્ષ ૨૦૧૫-૧૬ના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે ચંદ્રકાન્તભાઈ પી. રાવલ, મંત્રી તરીકે મુકેશભાઈ રાવલ, ખજાનચી તરીકે વિરેન્દ્રભાઈ શાહની વરણી કરવામાં આવી હતી.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

## એસબીઆઈના અધિકારીઓને બેંકીંગ ઈન્ટરનેટથી વાકેફ કરાયા : કાર્યશાળા યોજાઈ

ગાંધીનગર, તા. ૧

દિવસે-દિવસે કમ્પ્યુટરનો ઉપયોગ વધી રહ્યો છે. કચેરીઓ ચોપડાને બાજુમાં મુકી ટેકનોલોજીથી સજ્જ થઈ રહી છે. ત્યારે વધી રહેલા કમ્પ્યુટરના ઉપયોગથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના કર્મચારીઓને વાકેફ કરવા માટે ઈન્ટરનેટ બેંકીંગ અને ઉપયોગ વિશે એક કાર્યશાળા યોજવામાં આવી હતી.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની સ્થાનિક શાખાઓ દ્વારા વર્કશોપ ઓન ઈન બેંકીંગ વર્કશોપ સરકારી નિગમ/કોર્પોરેશનના અધિકારીઓ માટે યોજવામાં આવ્યો હતો. કાર્યશાળાનું ઉદ્‌ઘાટન અનિલ યાદવે દીપ પ્રગટાવી કર્યુ હતુ.

બેંકીંગ ક્ષેત્રમાં ઈન્ટરનેટ બેંકીંગનો વિસ્તાર વધવાની સાથે સાથે ઉપયોગ પણ વધ્યો છે. તેમાંય વ્યાપારી, બિન વ્યાપારી, નાણાંકીય અને સરકારી સંસ્થાઓ કોર્પોરેટ ઈન્ટરનેટ બેંકીંગ તરફ વધી રહી છે. ત્યારે તેના પરીપ્રેક્ષમાં કોર્પોરેટ ઈન્ટનેટ બેંકીંગ અને તેના ઉપયોગના વિશેષ ફાયદાઓ વિશે જાણકારી માટે કાર્યશાળા યોજાઈ હતી.

કાર્યશાળામાં અનિલ યાદવે જણાવ્યું હતું કે ઈન્ટરનેટ બેંકીંગ વ્યવહારોમાં સુરક્ષા કેળવવી જરૂરી છે અને ઈન્ટરનેટ બેકીંગ માટે જાગૃત રહેવું જરૂરી છે. જો ઈન્ટરનેટ બેકીંગ વાપરવામાં તકલીફ પડે અને ન સમજાય તો મોટુ નુકશાન આવી શકે છે.

એસ.બી.આઈ. ગાંધીનગર ઝોનના ડેપ્યુટી જનરલ મેનેજર રાજેશ મિશ્રાએ બેંકો અને ગ્રાહકોના સંબંધો મધુર અને સુદૃઢ બને તે માટે વિચારો રજુ કર્યા હતા. ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત વિમોદ અમલાણીએ અને સંજય સિંહાએ આભાર વ્યક્ત કર્યો હતો.

કૌશિક શાહે કાર્યશાળામાં ઉપસ્થિત સરકારી અધિકારીઓને ઈન્ટરનેટ બેંકીંગ શુ છે, તેની ઝીણવટભરી માહિતી આપી હતી. કાર્યશાળાને સફળ બનાવવા માટે ડી.બી. પ્રજાપતિ, કુમારપાળ સંઘવી, રાજુ ભટ્ટે સહકાર આપ્યો હતો. કાર્યાશાળામાં સ્થાનિક શાખાઓના મેનેજરોએ સહયોગ પુરો પાડ્યો હતો.

## પેથાપુરની ખાનગી હોસ્ટેલમાં રહેતી યુવતીને ભગાડી જતા પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીકના પેથાપુર ખાતે આવેલ ખાનગી શાળાની હોસ્ટેલમાં ભણતી એક યુવતીને લલચાવી ફોસલાવી બાઈક પર ભગાડી જતા યુવતીના પરિવારજનોએ પેથાપુર પોલીસમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી. આ બાબતે ગાંધીનગર સર્કલ પી.આઈ. વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક પેથાપુરમાં આવેલી ખાનગી શાળામાં મૂળ ખેડાની યુવતી ભણતી હતી અને તેજ શાળાની હોસ્ટેલમાં રહેતી હતી. ગત આ યુવતીને મુળ કપડવંજનો રહીશ કરણ રાજુ પટેલ નામનો ઈસમ ગાંધીનગર આવી યુવતીને લલચાવી ફોસલાવી પોતાના બાઈક નં. જીજે-૭-એક્યુ-૬૮૩૧ પર ભગાડી અપહરણ કરી લઈ ગયો હતો અને તેના મિત્રના મકાનમાં લઈ જઈ મરજી વિરુદ્ધનું કૃત્ય કરવાની કોશિશ કરી હતી. આ અંગે યુવતીના પિતાએ પેથાપુર પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી જેના આધારે ગાંધીનગર સી.પી.આઈ. એસ.ડી. પટેલ તપાસ ચલાવી રહ્યા છે.

## સેક્ટર-૩ શક્તિ મંદિરમાં આજે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૧

મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો આજે મંગળવારે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ વાગ્યા દરમિયાન સેક્ટર-૩-સી, શક્તિ મંદિર ખાતે મીનાબેન પટેલના સૌજન્યથી યોજાશે. ધાર્મિક કાર્યક્રમમાં નગરજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## કોલવડા ગામે લોક દરબાર યોજાયો

ગાંધીનગર, તા. ૧

સુરક્ષા સેતુ અંતર્ગત ગાંધીનગરના કોલવડા ગામે પેથાપુર પોલીસ અને ગ્રામજનોના સહયોગથી લોક દરદરબાર યોજાયો હતો. જેમાં કોલવડા ખાતે આઉટ પોસ્ટ ઉભી કરવા, માર્ગ દર્શન તાલીમ કાર્યક્રમો કરવા અને દારૂની બદી દૂર કરવા જેવા વિવિધ મુદ્દાઓ અંગે રજુઆત કરવામાં આવી હતી.

સુરક્ષા સેતુ અંતર્ગત રાજ્યભરમાં પોલીસ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે જે સંદર્ભે આજે પેથાપુર પોલીસ અને કોલવડા ગ્રામજનો દ્વારા કોલવડા ગામે લોક દરબાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્ય અશોકભાઈ પટેલ, જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવ, પેથાપુર પોલીસમથકના પી.એસ.આઈ. ડી.બી. વાળા, સરપંચ રમેશભાઈ પટેલ, માજી સરપંચ મનુજી વાઘેલા, રતનસિંહ વાઘેલા સહિતના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને ગામમાં ૧૮૦૦૦ની વસ્તુ હોવાથી ગામમાં આઉટ પોસ્ટ ઉભી કરવા, પોલીસમાં જોડાવવા માંગતા યુવાનો માટે માર્ગદર્શન સેમિનાર યોજવા અને દારૂની બદી જેવા વિવિધ પ્રશ્નો રજુ કરવામાં આવ્યા હતા. અંતે દારૂ દાવાનળ અંગે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો હતો.

## મધુર ડેરીની ૪૫મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

### જિલ્લાની દશેલા, છાલા અને ડભોડાની મંડળીઓને સૌથી વધુ દૂધ ભરાવવાથી સન્માન કરાયું : ખોડિયાર માતાજીનો બીજો પાટોત્સવ ઉજવ્યો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડની ૪૫મી વાર્ષિક સાધારણ સભા સોમવારે યોજાઈ હતી. જેમાં જિલ્લામાંથી સૌથી વધુ દૂધ ભરાવનાર ત્રણ મંડળીનું સન્માન કરવામાં આવ્યું હતું. મધુર ડેરી સ્થિત ખોડિયાર માતાજીનો બીજો પાટોત્સવ ધામધૂમથી મનાવવામાં આવ્યો હતો.

સેક્ટર-૨૫ જીઆઈડીસી સ્થિત ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડની ૪૫મી વાર્ષિક સાધારણ સભા મધુર ડેરીના બોર્ડ રૂમમાં સોમવારે યોજાઈ હતી. બેઠકમાં દૂધ મંડળીના તમામ ચેરમેનો હાજર રહ્યા હતા.

મધુરડેરીની વાર્ષિક સાધારણ સભાની શરૂઆત પ્રાર્થનાગીતથી કરવામાં આવી હતી. ત્યારબાદ સભાના અધ્યક્ષ તરીકે વાવોલ મહિલા દૂધ મંડળીના મધુબેન પટેલને બનાવવામાં આવ્યા હતા. બેઠકમાં મધુર ડેરીને વધુ ઉંચાઈએ કેવી રીતે લઈ જવી તેની ચર્ચા કરવામાં આવી હતી.

મધુરડેરીએ જિલ્લાની મુખ્ય ડેરી છે. તેમજ જિલ્લાના અનેક લોકો પશુપાલનનો વ્યવસાય કરી ગુજરાન ચલાવે છે. ત્યારે જિલ્લામાં સૌથી વધુ દૂધ ભરાવતી ત્રણ મંડળીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં દશેલા દૂધ મંડળી, છાલા દૂધ મંડળી અને ડભોડા મહિલા દૂધ મંડળીના સૌથી વધુ દૂધ ભરાવવાનું સન્માન આપવામાં આવ્યું હતું અને શાલ ઓઢાડવામાં આવી હતી.

આ પ્રસંગે ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ સભામાં જણાવ્યું હતું કે સાધારણ સભામાં પધારેલા ચેરમેનોનું દિલથી આવકારૂ છુ તેમણે મંડળીનો હાલનો તબક્કો સારો જઈ રહ્યો છે તે બાબતે ખુશી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે તમામ મંડળીઓના ચેરમેનોનો ડેરીના વિકાસમાં સાથ સહકાર આપવા જણાવ્યુ હતુ.

મધુર ડેરી ખાતે ખોડિયાર માતાજીના મંદિરનો બીજો વાર્ષિક પાટોત્સવ યોજવામાં આવ્યો હતો. ગત વર્ષ ડેરી ખાતે ખોડિયાર માતાજીના મંદિરનો પાટોત્સવ યોજાયો હતો. ત્યારે આજે ખોડિયાર માતાજીનો બીજો વાર્ષિક પાટોત્સવ ધામધૂમપૂર્વક યોજાયો હતો. આ પ્રસંગે ડિરેક્ટર રોહિત મહેતા સહિત ડેરીના કર્મચારીઓ જિલ્લાની મંડળીઓના ચેરમેનો ઉપસ્થિત રહ્યા હતા.



## બ્રહ્મસમાજ યુવા પાંખના હોદ્દદારોનો શપથવિધિ સમારોહ યોજાયો

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર યુવા પાંખના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. તમામ હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ બ્રહ્મભવન સેક્ટર-૧૬ ખાતે યોજાયો હતો. ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજ યુવા પાંખની રચના કરવામાં આવી હતી. ત્યારે કારોબારીના તમામ હોદ્દેદારોની ગઈકાલે ૩૧મી રવિવારે સેક્ટર-૧૬ બ્રહ્મભવન ખાતે શપથવિધિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રમુખ જીગર ત્રિવેદી, મહામંત્રી કુ. જયશ્રી ખેતિયા, ખજાનચી પિયુષ પંડ્યા, ઉપપ્રમુખ વિપુલ જોશી, રવિ ત્રિવેદી, ધવલ દવે, હર્ષ જોષી, સહમંત્રી ધનંજય જોશી, મૌલીન વ્યાસ, જવલ દવે, કેયલ રાવલ, પાયલ ત્રિવેદી, સાંસ્કૃતિક મંત્રી, જય દવે, દેવાંગી મહેતા, માનશી શુકલ, ઝરણા ત્રિવેદી, નિરાલી જોશી, હેમા ભટ્ટ, મંથન ભટ્ટ, પાયલ પંડ્યા, નિસર્ગ પંડ્યા, અમિ ત્રિવેદી, મિતિ ભટ્ટ, સંગઠન મંત્રી - સંદિપ જોશી, સુમિત વ્યાસ, ભાર્ગવ શુકલ, તેજ પંડ્યા, પુષ્પક રાજગોર, કૃણાલ મહેતા, કન્વીનર પુનિત પાઠક, પાર્થ મયંક ભટ્ટ, હાર્દિક દવે, હેમંત દવે, દિક્ષિત નિલકંઠ, નીતિનભાઈ દવે, ચિરાગ ત્રિવેદી, પ્રશાંત જોષી, ચિંતન ભટ્ટ, અનિલ પંડ્યા, પ્રચાર પ્રસાર મંત્રી - મેહુલ વ્યાસ, સલાહકાર મુંજાલ રાવલ, બાલકૃષ્ણ જોશી, જીજ્ઞેશ રાવલ, ક્રિષ્ણા રાવલ, રાકેશ જાની, અતુલ પંડ્યા, નિશાંત જોશી, સુનિલ ત્રિવેદી, કેતન ઉપાધ્યાય અને ભાવેશ વ્યાસે ભગવાન ભોળાનાથની હાજરીમાં સપથ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે બ્રહ્મસમાજના આશિષભાઈ દવે, ચેરમેન ગુડા, કોર્પોરેટર, હર્ષજીત પંડ્યા, અશ્વિન વ્યાસ, એડવોકેટ અશ્વિન ત્રિવેદી સહિત મોટી સંખ્યામાં બ્રહ્મસમાજ ઉપસ્થિત રહ્યો હતો.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪

સૂર્યાસ્ત : ૭.૨૩

### તાપમાન

મહત્તમ : ૪૨.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૮ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૩૧ ટકા

### મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧ :**

બોમ્બે વેલ્વેટ : ૯.૨૦, ૧૨.૩૦, ૩.૪૦, ૬.૫૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**

બોમ્બે વેલ્વેટ : ૧૧.૩૦, ૫.૫૦, ૧૦.૦૦

બે યાર : ૨.૪૦

**સ્ક્રીન-૩ :**

પીકુ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**

ગબ્બર ઈઝ બેક : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૧૦.૨૦

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૧ :**

બોમ્બે વેલ્વેટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**

બોમ્બે વેલ્વેટ : ૧૨.૩૦

પીકુ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૧૫, ૪.૪૫.

**સ્ક્રીન-૩ :**

મેડ મેક્સ (ઈંગ્લીશ) ૨.૪૫, ૭.૪૫

મેડ મેક્સ (હિન્દી) ૧૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**

જો બકા : ૧૦.૦૦

ગબ્બર ઈસ બેક : ૭.૦૦

પીકુ : ૧૨.૪૫

**સ્ક્રીન-૫ :**

બોમ્બે વેલ્વેટ : ૧૦.૦૦

પીકુ : ૬.૪૫

ગબ્બર ઈસ બેક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમે વિજય મેળવી શકો છો. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

**વૃષભ** : દિવસ મધ્યમ ફળદાયી રહેશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. સામાજિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

**મિથુન** : સામાજિક સમ્માનની પ્રાપ્ત થશે. અવસર હિતકર થશે. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. વ્યપારીકક્ષેત્રે ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

**કર્ક** : વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ અપેક્ષિત છે. મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**સિંહ** : આમોદ- પ્રમાદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**કન્યા** : આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. હમણાં સુધારામાં સમય લાગશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

**તુલા** : પારિવારિક વાતાવરણ અસંતાષકારક રહેશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધારા કરવું જરૂરી છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

**ધન** : મકાન સંબંધી સમસ્યાઓમાં સમાધાન થઈ શકે છે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે.

**મકર** : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો.

**કુંભ** : ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ગુસ્સા અને આવેગ પર કાબૂ રાખવો. ભૌતિક સુખમાં વધારો થઈ શકે છે. આવકમાં વધારો થઈ શકે છે. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે.

**મીન** : વ્યાપારક્ષેત્રમાં હાનિ ન થાય તેની તકેદારી રાખવી. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે.

### ચિરવિદાય

- સ્વ. જગજીતસિંઘ મુલતાની (ઉ.વ.૫૭) બી-૪૦૪, સ્વાગત રેઈન ફોરેસ્ટ, કુડાસણ, તા.જી. ગાંધીનગર
- સ્વ. શ્રીમાળી શૈલેષભાઈ ભગુભાઈ (ઉ.વ.૪૭) પ્લોટ નં. ૪૧૯/૧, સેક્ટર-૧૨બી, ગાંધીનગર